




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 08 ■ તા. 22-02-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk


# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી ભારતનો વિકાસ થશે પરંતુ બેરોજગારી વધશે

## આઈએમએફના અંદાજ મુજબ દુનિયામાં ૪૦ ટકા નોકરીઓ પર એઆઈનું જોખમ તોળાઈ રહ્યું છે, વિકાસશીલ બજારોમાં આ આંકડો ૪૦ ટકા અને વિકસિત દેશોમાં ૬૦ ટકા સુધી પહોંચી શકે છે




નવી દિલ્હી,

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)થી દુનિયામાં નવા યુગની શરૂઆત થશે અને વૈશ્વિક અર્થતંત્રમાં વૃદ્ધિ જોવા મળશે. ભારત એઆઈની મદદથી વિકસિત ભારતનું સપનું સાકાર કરી શકશે, પરંતુ એઆઈથી ભારતમાં લાખો નોકરીઓ પર સંકટ ઊભું થશે. પ્રત્યેક ૧૦માંથી ચાર નોકરી જવાનું જોખમ રહેશે તેમ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનાં ચીફ ક્રિસ્ટલિના જોર્જીવાએ ઈન્ડિયા એઆઈ સમિટમાં જણાવ્યું હતું. બીજીબાજુ ઓપન એઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને કહ્યું કે, રોબોટ જેવા કેટલાક ક્ષેત્રોમાં ચીન ઘણું આગળ છે, પરંતુ એઆઈમાં ભારતનો વિકાસ શાનદાર રહ્યો છે. એઆઈની લોકતાંત્રિક આવૃત્તિની શક્ય છે, જેનાથી આર્થિક શક્તિનું વિકેન્દ્રીકરણ થઈ શકે છે.નવી દિલ્હીના ભારત મંડપમમાં આયોજિત ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએ)નાં ચીફ ક્રિસ્ટલિના જોર્જીવાએ કહ્યું કે, વૈશ્વિક અર્થતંત્ર માટે એઆઈ ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. એઆઈના સતત વધતા ઉપયોગથી વૈશ્વિક વૃદ્ધિને ૦.૮ ટકા સુધી વધારી શકે છે, જેની સકારાત્મક અસર ભારત પર પડશે. એઆઈની મદદથી મોદી સરકારનું વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નું સપનું સાકાર થઈ શકે છે. ભારતનું ૩૦ લાખ કરોડ ડોલરનું અર્થતંત્ર બનવાનું લક્ષ્ય પણ હાંસલ થઈ શકે છે.તેમણે ઉમેર્યું કે, તિવ્ર આર્થિક વૃદ્ધિનો અર્થ છે વધુ તકો અને રોજગાર સર્જન. એઆઈ ક્ષમતા વધારીને કંપનીઓની ઉત્પાદક્તામાં સુધારો લાવી શકે છે, જેનાથી આવક અને રોકાણ બંનેમાં વધારો શક્ય છે. જોકે, તેમણે ચેતવણી પણ આપી કે એઆઈની અસર શ્રમ બજાર પર ગંભીર હોઈ શકે છે.આઈએમએફના અંદાજ મુજબ દુનિયામાં ૪૦ ટકા નોકરીઓ પર એઆઈનું જોખમ તોળાઈ રહ્યું છે. વિકાસશીલ બજારોમાં આ આંકડો ૪૦ ટકા અને વિકસિત દેશોમાં ૬૦ ટકા સુધી પહોંચી શકે છે. એટલે કે એઆઈથી આર્થિક વૃદ્ધિ તો થશે, પરંતુ નોકરીઓ પર મોટું જોખમ રહેશે. એકંદરે એઆઈ વૈશ્વિક અને ભારતીય અર્થતંત્ર માટે મોટી તકો લઈને આવ્યું છે, પરંતુ તેની સાથે રોજગાર માળખામાં મોટા પરિવર્તન પણ પડકારજનક છે. આથી નીતિ ઘડનારાઓએ સંતુલિત રણનીતિ બનાવવી હવે પહેલા કરતાં વધુ જરૂરી થઈ ગયું છે.તેમણે ઉમેર્યું હતું કે, ભારત ખુશનસીબ છે કે તેમની સરકારે પબ્લિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કર્યું છે. આંત્રપ્રિન્યોરશિપના અવરોધોને દૂર કરીને અને તમારી પાસે એઆઈને અપનાવનારી યુવાન, એનર્જેટિક, ઈનોવેટિવ વસતી છે. એઆઈ સાથે સંકળાયેલી એક નોકરી કુલ મળીને ૧.૩ નોકરીઓ પેદા કરે છે.દરમિયાન ઓપન એઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને એઆઈના ભવિષ્યનું માળખું ખેંચ્યું છે. તેમણે કહ્યું, એઆઈએ એક વર્ષ જેટલા થોડા સમયમાં જ હાઈસ્કૂલના ગણિતથી લઈને રિસર્ચ સ્તરના ગણિત અને ફિઝિક્સના નવા પ્રશ્નોને ઉકલેવા સુધીનો પ્રવાસ ખેડયો છે. ભારત કોડેક્સ માટે સૌથી ઝડપથી વધતું બજાર છે. ભારત એઆઈનું ગ્રાહક હોવાથી આગળ વધીને હવે નિર્માણ ક્ષેત્રમાં અભૂતપૂર્વ ઊર્જા દાખવી રહ્યું છે. એઆઈનો ભારતીય આઈટી પર મોટો પ્રભાવ પડશે.જોકે, ઓલ્ટમેને એઆઈની ઊર્જાની જરૂરિયાતો પૂરી કરવા માટે પરમાણુ અને સૌર ઊર્જા તરફ આગળ વધવાની ભલામણ કરી હતી. તેમણે અવકાશમાં ડેટા સેન્ટર બનાવવાને મૂર્ખામી ગણાવી.

### અકળાયેલા ડ્રેગને આકાશમાં ઉતારી ફોર્સ

# ચીનના 'નો એન્ટ્રી ઝોન' માં ઘૂસ્યા અમેરિકન ફાઈટર જેટ

ચીન,તા.૨૧

આ સપ્તાહે કોરિયન દ્વીપકલ્પ પાસે આંતરરાષ્ટ્રીય જળસીમા ઉપર અમેરિકા અને ચીનના લડાકુ વિમાનો સામસામે આવી ગયા હતા. આ ક્ષેત્રમાં બંને મહાસત્તાઓ વચ્ચે આ પ્રકારનો ટકરાવ અત્યંત દુર્લભ માનવામાં આવે છે.

બુધવારે પ્યોંગટેક એરબેઝ પરથી લગભગ ૧૦ અમેરિકન લડાકુ વિમાનોએ દક્ષિણ કોરિયાના પશ્ચિમ કિનારાથી દૂર આંતરરાષ્ટ્રીય જળસીમામાં લશ્કરી કવાયત માટે ઉડાન ભરી હતી. જોકે અમેરિકન વિમાનોએ ચીનના એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન માં પ્રવેશ કર્યો ન હતો, પરંતુ જેવા તેઓ આ ક્ષેત્રની નજીક પહોંચ્યા કે તરત જ બેઈજિંગે જવાબમાં પોતાના લડાકુ વિમાનો તેમની પાછળ લગાવી દીધા હતા.

એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન એ કોઈપણ દેશના સાર્વભૌમ હવાઈ ક્ષેત્રથી અલગ હોય છે. આ એવો વિસ્તાર છે જ્યાં દેશની સરહદની નજીક આવતા વિમાનોએ પોતાની ઓળખ સ્પષ્ટ કરવી પડે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

ચીનનો પક્ષઃ ચીનના સરકારી અખબાર 'ગ્લોબલ ટાઈમ્સ' એ શુક્રવારે અજ્ઞાત સ્ત્રોતોને ટાંકીને જણાવ્યું હતું કે ચીની પીપલ્સ લિબરેશન આર્મી એ કાયદા અને નિયમો અનુસાર સમગ્ર પ્રક્રિયા દરમિયાન પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા અને અસરકારક પ્રતિસાદ આપવા માટે તેની નૌકાદળ અને વાયુસેના તૈનાત કરી હતી.

દક્ષિણ કોરિયામાં તૈનાત લગભગ ૨૮,૫૦૦ અમેરિકન સૈનિકોની કમાન સંભાળતા 'યુએસ ફોર્સિસ કોરિયા' એ આ અંગે તાત્કાલિક કોઈ નિવેદન જારી કર્યું નથી.

દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયે અમેરિકી સૈન્ય કામગીરીની પુષ્ટિ કરવામાં અસમર્થતા દર્શાવતા કહ્યું કે, યુએસ ફોર્સિસ કોરિયા અમારી સેના સાથે મજબૂત સંયુક્ત સંરક્ષણ પ્રણાલી જાળવી રહ્યું છે. દક્ષિણ કોરિયાની ભાગીદારી વિના ચીનના ADIZ ની આટલી નજીક અમેરિકી લડાકુ વિમાનોની આ પ્રકારની તાલીમ એક અસામાન્ય ઘટના માનવામાં આવે છે.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે ચીને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં, ખાસ કરીને દક્ષિણ ચીન સમુદ્ર અને સ્વશાસિત તાઈવાનને લઈને તેની સૈન્ય આક્રમકતા વધારી દીધી છે.

જાપાન સાથે તણાવઃ તાજેતરમાં જાપાની વડાપ્રધાન સાને તાકાઈચીના નિવેદન બાદ તણાવ વધુ વધ્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે જો ચીન તાઈવાન પર હુમલો કરે છે તો ટોક્યો માટે પોતાની સેના તૈનાત કરવી કાયદેસર રીતે યોગ્ય હોઈ શકે છે.

રડાર વિવાદઃ અગાઉ ડિસેમ્બરમાં, ટોક્યોએ ચીની લડાકુ વિમાન પર જાપાની વિમાનો પર 'વેપન-ટાર્ગેટિંગ રડાર' નો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો.

આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન એ પાંચ વર્ષમાં પ્રથમ વખત એક મહત્વપૂર્ણ પાર્ટી કોંગ્રેસની શરૂઆત કરી છે.

કિમે પહેલેથી જ કહ્યું છે કે, તેઓ આ બેઠકમાં "દેશના પરમાણુ યુદ્ધ નિવારક ને વધુ મજબૂત કરવા માટેની આગામી યોજનાઓ" સ્પષ્ટ કરશે. બીજી તરફ, અમેરિકા સંકેત આપી રહ્યું છે કે તે દક્ષિણ કોરિયાને ઉત્તર કોરિયા સામે લડવામાં પ્રાથમિક ભૂમિકા ભજવવા વિનંતી કરી શકે છે.

# ટ્રમ્પનો ટેરિફ અમેરિકાને જ ભારે પડ્યો, ૮૨૦૦ સ્ટોર્સને તાળા વાગ્યા

નવી દિલ્હી, તા.૨૧

હાથના કર્યા હૈયે વાગ્યા તે કહેવત છે તેમ અમેરિકાના ટેરિફ અમેરિકનોને જ વાગ્યા છે. ટ્રમ્પે લાદેલા ટેરિફના પગલે અમેરિકામાં એક જ વર્ષમાં ૮૨૦૦થી વધુ સ્ટોર્સને તાળા વાગ્યા છે. તેની તુલનાએ ૨૦૨૪માં ૭૩૨૫ સ્ટોર બંધ થઈ ગયા હતા. આ સિવાય ૭૧૭ કંપનીઓ પોતાને નાદાર જાહેર કરી ચૂકી છે, જે આંકડો છેલ્લા ૧૫ વર્ષનો સૌથી મોટો આંકડો છે. આ ટ્રમ્પના ટેરિફની વિપરીત અસર બતાવે છે. ટ્રમ્પના ટેરિફના લીધે ફાર્મસી, ડિપાર્ટમેન્ટ સ્ટોર્સ, કોફી શોપ, ડિસ્કાઉન્ટ રિટેલર્સ અને રેસ્ટોરા બધા પર અસર પડી હતી. ૨૦૨૫માં ૩૦અમેરિકન રિટેલ ચેઈન પોતાને નાદાર જાહેર કરી ચૂકી છે. અમેરિકામાં સૌથી મોટી કંપનીઓમાં એક ફાર્મસી ચેઈન રાઈટ એન્ડે ઓક્ટોબર ૨૦૨૫માં ટ્રમ્પના ટેરિફના કારણે લગભગ ૧૩૦૦ થી વધુ સ્ટોર બંધ કરી દીધા. જ્યારે ક્રોફ્ટ રિટેલર જોને એક જ વર્ષમાં ૮૦૦ સ્ટોર્સને તાળા મારી દીધા. તેણે દાવો કર્યો છે કે કંપની પર ૧.૧ અબજ ડોલરનું દેવું છે.ટેરિફના કારણે સરેરાશ અમેરિકન કુટુંબો પર સરેરાશ ૧૨૦૦ ડોલરનો વધુ બોજ પડી રહ્યો છે. ટ્રમ્પે ગયા વર્ષે જ એલ્યુમિનિયમની આયાત પર ૫૦ ટકાનો ભારે ટેક્સ નાખ્યો હતો. તેનો હેતુ સ્થાનિક ધાતુ ઉત્પાદન ક્ષમતામાં દાયકાઓથી પડતી અછતને દૂર કરવાનો હતો. આટલું ઓછું હોય તેમ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ગયા વર્ષે એલ્યુમિનિયમની આયાત પર ૫૦ ટકા ટેરિફ નાખતા સ્થાનિક ઉદ્યોગને જબરદસ્ત ફટકો પડયો છે. આટલું ઓછું હોય તેમ અમેરિકામાં એલ્યુમિનિયમને ગાળતી વધુ એક કંપનીએ તેનો કારોબાર સમેટી લીધો છે. તેના કારણે હવે અમેરિકામાં પાંચ જ પ્રાઈમરી મેટલ પ્રોડકશન પ્લાન્ટ જ બચ્યા છે. સેન્ચુરી એલ્યુમિનિયમે ૨૦૨૨માં રશિયાના યુક્રેન પર હુમલા પછી તેના હોસવિલ સ્મેલ્ટર પ્લાન્ટમાં ઉત્પાદન અટકાવી દીધુ હતું. ઊર્જાના દરમાં નોંધપાત્ર વધારાના લીધે તેણે આ પગલું લીધુ હતું. કંપનીને આશા હતી કે એક વર્ષની અંદર કિંમત ઉતરતા તે પ્લાન્ટનું સંચાલન શરૂ કરી દેશે. તેના પગલે સેન્ચુરીએ હવે કેન્ટકી સ્થિત પ્લાન્ટને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની ટેરાવૂલ્ને વેચી દીધો છે.




## સુપ્રીમ કોર્ટના આદેશના ગણતરીના કલાકોમાં ડોનાલ્ડ ટ્રમ્પનો ૧૦% ટેરિફનો નવો આદેશ



વૉશિંગ્ટન, તા.૨૧

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યાયતંત્ર સામે આરપારની જંગ છેડી દીધી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા તેમના જૂના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યાના ગણતરીના કલાકોમાં જ ટ્રમ્પે વળતો પ્રહાર કરતા તમામ દેશો પર ૧૦% વૈશ્વિક ટેરિફ લાદવાનો આદેશ કરી દીધો છે.અમેરિકન સુપ્રીમ કોર્ટે ૬-૩ ના બહુમતી ફેંસલામાં ટ્રમ્પના અગાઉના ટેરિફને રદબાતલ ઠેરવ્યા હતા. કોર્ટે જણાવ્યું હતું કે કોંગ્રેસની મંજૂરી વિના પ્રમુખપાસે આ પ્રકારના ટેરિફ લાદવાની સત્તા નથી. જોકે, આ નિર્ણયથી નારાજ ટ્રમ્પે ઓવલ ઓફિસથી 'ટ્રેડ એક્ટ ૧૯૭૪' ની કલમ ૧૨૨ નો ઉપયોગ કરીને નવો આદેશ જારી કર્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, ''મને જણાવતા ગર્વ થાય છે કે મેં તમામ દેશો પર ૧૦% ગ્લોબલ ટેરિફ પર હસ્તાક્ષર કર્યા છે, જે તત્કાળ અસરથી અમલમાં આવશે.''આ નવો ટેરિફ હાલમાં ૧૫૦ દિવસ એટલે કે અંદાજે પાંચ મહિના સુધી પ્રભાવી રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રમ્પ પ્રશાસન અન્ય દેશો પર કાયમી ટેરિફ નક્કી કરવા માટે જરૂરી તપાસ કરશે. ટ્રમ્પે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે આ માત્ર શરૂઆત છે અને જરૂર પડ્યે દરોમાં મોટો વધારો પણ થઈ શકે છે. તેમણે હળવા અંદાજમાં કહ્યું કે, ''હું વેપાર નષ્ટ કરી શકું છું, પ્રતિબંધ લગાવી શકું છું, તો શું હું ૧ ડોલરનો ટેરિફ ન લાદી શકું? આ મૂર્ખામીભર્યું છે. ''સુપ્રીમ કોર્ટના આંચકા બાદ, ગયા વર્ષે ટેરિફ દ્વારા વસૂલવામાં આવેલા અંદાજે ૧૭૫ અબજ ડોલરના મહેસૂલ પર સવાલો ઊભા થયા છે. આ રકમ આયાતકારોને પરત કરવી પડશે કે કેમ તે અંગે ટ્રમ્પે જણાવ્યું કે આ મામલો હજુ બે વર્ષ સુધી કોર્ટમાં ચાલશે.

# ભારત અને બ્રાઝિલ બંને દેશો વચ્ચે વેપાર કરાર પર હસ્તાક્ષર થયા

નવી દિલ્હી,તા.૨૧

ભારત અને બ્રાઝિલના સંબંધોમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે, જ્યારે બંને દેશોએ મહત્વકાંક્ષી ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લૂલા ડી સિલ્વા વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય વાટાઘાટોમાં અર્થતંત્રને નવી ગતિ આપી શકે તેવા અનેક મહત્વના મુદ્દાઓ પર સહમતિ બની છે. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ લૂલા અને તેમના પ્રતિનિધિમંડળનું ભારતમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાને જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ લૂલાના વિઝન અને પ્રેરણાદાયી નેતૃત્વનો ભારત-બ્રાઝિલના સંબંધોને લાંબા સમયથી લાભ મળ્યો છે અને આ નવી સમજૂતી બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે વધુમાં ઉમેર્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં બંને નેતાઓ વચ્ચે અનેક મુલાકાતો થઈ છે અને દરેક વખતે ભારત પ્રત્યે રાષ્ટ્રપતિ લૂલાની ઊંડી મિત્રતા અને અતૂટ વિશ્વાસ સ્પષ્ટપણે અનુભવાયો છે. પીએમ મોદીના મતે રાષ્ટ્રપતિ લૂલાનો આ ભારત પ્રવાસ ઐતિહાસિક 'AI ઈમ્પેક્ટ સમિટ' ને પણ નવી ઉર્જા આપશે. આ ટ્રેડ ડીલથી આગામી સમયમાં બંને દેશો વચ્ચે વ્યાપારિક આદાનપ્રદાન વધવાની સાથે સંરક્ષણ, ટેકનોલોજી અને કૃષિ જેવા ક્ષેત્રોમાં પણ સહકારના નવા દ્વાર ખુલશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને બ્રાઝિલ વચ્ચેના આર્થિક સંબંધોની મજબૂતી પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, લેટિન અમેરિકામાં બ્રાઝિલ ભારતનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર છે. બંને દેશોએ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વ્યાપારને ૨૦ અબજ ડોલરથી આગળ લઈ જવા માટેની કટિબદ્ધતા દર્શાવી છે. પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું હતું કે, આપણો વ્યાપાર માત્ર એક આંકડો નથી, પરંતુ તે પરસ્પર અતૂટ વિશ્વાસની ઝલક છે. રાષ્ટ્રપતિ લૂલાની સાથે ભારત આવેલા વિશાળ બિઝનેસ પ્રતિનિધિમંડળની હાજરી જ દર્શાવે છે કે બંને દેશો વચ્ચે વ્યાપારી સંબંધો કેટલા ગાઢ અને ભરોસાપાત્ર છે.આ મુલાકાત દરમિયાન ટેકનોલોજી અને ઈનોવેશન પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે ટેકનોલોજીમાં સહયોગ માત્ર ભારત અને બ્રાઝિલ માટે જ નહીં, પરંતુ સમગ્ર 'ગ્લોબલ સાઉથ' એટલે કે વિકાસશીલ દેશો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડિજિટલ ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં બંને દેશોની ભાગીદારી અન્ય વિકાસશીલ દેશોને પણ પ્રગતિની નવી દિશા બતાવી શકે છે. આ સમજૂતીથી ભવિષ્યમાં ડિજિટલ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો આવવાની આશા છે.



# બેન્કો, સરકારી સંસ્થાઓએ યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરી નહીં હોય તો ૧૦ હજારનો દંડ

ગાંધીનગર, તા.૨૧

મહેસૂલ વિભાગ દ્વારા સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્ય સહિતની અર્ધ સરકારી સંસ્થાઓ, બેન્કો, નોન બેન્કીંગ ફાયનાન્સિયલ કોર્પોરેશન વિગેરેને પોતાના હક હોય તેવા દસ્તાવેજમાં યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરાયેલી છે કે નહીં તેની ચકાસણી કરવા સૂચના આપ્યા બાદ દસ્તાવેજ મુજબ યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરી નહીં હોય તો જે તે સંસ્થા પાસેથી ૧૦ હજાર રૂપિયાનો દંડ વસૂલવાનું જાહેર કર્યુ છે.

સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસ અને નોંધણી સર નિરીક્ષકની કચેરી દ્વારા મહેસૂલ વિભાગના ૨૦૨૬ના જાહેરનામાના અનુસંધાને આ સૂચના જારી કરી છે. અગાઉ ૨ ફેબ્રુઆરીના જાહેરનામામાં સરકારી કચેરીઓ, અર્ધ સરકારી સંસ્થાઓ સહિતના બોર્ડ-નિગમ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, ખાનગી, સહકારી અને સરકારી બેન્કો, નોન બેન્કીંગ ફાયનાન્સિયલ કોર્પોરેશન વિગેરેએ પોતાના હક હોય તેવા દસ્તાવેજમાં યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરાયેલી છે કે નહીં તેની ખાતરી કરવી પડશે તેમ જાહેર કર્યુ હતું.

આ માટે સંબંધિત સંસ્થાઓને સક્ષમ અધિકારીની નિમણૂક કરવા પણ જણાવ્યું હતું. તે પછી ૧૯ ફેબ્રુઆરીએ તે સંદર્ભે નવી સૂચના જાહેર કરતા જણાવ્યું છે કે દસ્તાવેજ ઉપર ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યૂટીની જવાબદારી જે તે સંસ્થાની નક્કી કરી તેની જોગવાઈનું પાલન કરવામાં ચૂક બદલ દંડ કરવાની સત્તા છે. એટલે જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જાય તેવા કિસ્સામાં દસ્તાવેજની મિલકત જે જિલ્લામાં હશે તે જિલ્લાના કલેકટર દ્વારા ૧૦ હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં જે તે સંસ્થાને ફટકારવામાં આવશે. સ્ટેમ્પ્સ કચેરી દ્વારા નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યૂટી તંત્રની કચેરીઓને જિલ્લાની તમામ સરકારી, સહકારી અને ખાનગી બેન્કો અને જે તે સંસ્થા-કચેરીમાં દસ્તાવેજ રજૂ થતા હોય તે તમામને પણ મહેસૂલ વિભાગનું જાહેરનામુ મોકલી આપવા જણાવાયું છે.

તે ઉપરાંત નગરપાલિકાની તમામ કચેરીના પ્રાદેશિક કમિશનરો, વીજ કંપનીઓ, પ્રવાસન નિગમ, જીએનએફસી, જીએસએફસી, એસટી નિગમ, ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ સહિત અનેક સરકારી સંસ્થાઓ અન્ય બોર્ડ-નિગમ વિગેરેને પણ કચેરી દ્વારા નકલ રવાના કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જે-તે સંસ્થાઓને બીજા વર્ગના અધિકારીને દસ્તાવેજ પર સ્ટેમ્પ ડ્યૂટી ચૂકવાઈ હોવાની ખરાઈ કરવા માટે નિયુક્ત કરવા સૂચના આપેલી છે.

# સૂર્યગ્રહણથી વિશ્વ ઉપર ભયભીત અસર

**Yoggi Astrology** ના અંક ૧૭૨માં આપ સૌનું સ્વાગત છે. મારા પાછલા અંકમાં લખ્યું હતું કે કુદરતી આપત્તિ, યુદ્ધ, આતંક જેમાં ઘણી ઘટના સતત બની રહી છે. ફ્રાન્સમાં **Nils Storm** થયો. સ્પેન, પોર્ટુગલમાં **Marta Storm**, કેલીફોર્નિયામાં **Sierra Nevada**માં **8 Feet** સ્નો, કેલિફોર્નિયામાં **Heavy Rain, Flooding, Rockslias, Muosides, Heavy Wind**, આ ઉપરાંત રશિયા-યુક્રેન વચ્ચે ભયંકર યુદ્ધ, ઈઝરાયેલના હુમલાથી ગાઝામાં ૬૦૦ લોકોના મૃત્યુ, ઈરાન-અમેરિકા વચ્ચે યુદ્ધ અભ્યાસ, બલૂચિસ્તાન, પાકિસ્તાન ઉપર હુમલો, એવી રીતે જાપાન, ચીન, પોલેન્ડ, જર્મનીમાં ભારે સ્નો, ન્યુઝીલેન્ડમાં **Heavy Rain**થી ભારે મુસીબત એવી ઘણી ઘટનાઓ બની છે. ગ્રહો પોતાનું કાર્ય કરતા રહે છે.

૧૭ ફેબ્રુઆરીના રોજ સૂર્યગ્રહણ થઈ રહ્યું છે. આ ગ્રહણ કુંભ રાશીમાં ઘનિષ્ઠા નક્ષત્રમાં થઈ રહ્યું છે.

વસુનામ શ્રવિષ્ઠાઃ

આનો અર્થ થાય છે કે ઘનિષ્ઠા નક્ષત્રનો સ્વામી વસુ છે, વસુ એ આપણા પર્યાવરણનું રક્ષણ કરે છે, જે આપણી પૃથ્વીનું એક કવચની જેમ રક્ષણ કરે છે. પરંતુ આ સમયે રાહુનું ઘનિષ્ઠા નક્ષત્ર ઉપર નજર પડતા આવનાર ૯૦ દિવસ આ કવચ તૂટશે. આથી આ સૂર્યગ્રહણ ઘણું મહત્વનું બનશે. ઘનિષ્ઠાનું ચિહ્ન ડમરુ, તબલા, ડ્રમ એ જે વોર્નિંગ આપે છે કે, જ્યારે કાલનું ડમરુ વાગે ત્યારે પર્યાવરણ હલાવી નાખશે. આ ગ્રહણથી સાઉથ અમેરિકા, સાઉથ આર્જેન્ટીના, ચીલી, સાઉથ આફ્રિકા, એન્ટાર્કટીકા, હિન્દ મહાસાગર આ જગ્યા ઉપર ઘણી કુદરતી આપત્તિ થતી જોવા મળશે. આ ગ્રહણ એન્ટાર્કટીકા ઉપર સંપૂર્ણ દેખાશે. ઘનિષ્ઠા નક્ષત્રનો સ્વામી વસુ હોવાથી પર્યાવરણ સાથે સંબંધ હોવાથી પર્યાવરણમાં બદલાવ થતો જોવા મળશે. ગ્લોબલ વોર્મીંગ, સમુદ્રમાં હલચલ, પોલર રીજનમાં બદલાવથી ઘણી કુદરતી આપત્તિ જોવા મળશે. જેમાં ૨૩ તારીખ પછી ભારે ચક્રવાત, તોફાન, પર્યાવરણ ઘણું સંવેદનશીલ બનતું જોવા મળશે.

ઘનિષ્ઠા નક્ષત્રનો સ્વામી મંગળ છે. આમ મંગળ એ યુદ્ધના દેવતા તથા ગ્રહોનો સેનાપતિ છે. ૨૩ તારીખે કુંભ રાશીમાં રાહુ, મંગળ, સૂર્ય, બુધ, શુક્ર ભેગા થશે. શનીના ઘરમાં રાહુ-મંગળ હોવાથી વિશ્વમાં દરેક દેશમાં આર્મી સ્ટેન્ડ બાય બની રહેશે. નવા યુદ્ધ મોરચાથી સરકારમાં ભારે હલચલ થતી જોવા મળશે.

કુંભ રાશીમાં રાહુ હોવાથી ઈન્ટરનેશનલ પાણી બોર્ડર ઉપર કંઈ થવાથી બ્રેકીંગ ન્યુઝમાં જોવા મળશે. અમેરિકા તથા યુરોપ વચ્ચે તણાવ થતું જોવા મળશે. ગ્રીનલેન્ડને લીધે યુરોપમાં તણાવભર્યું વાતાવરણ રહેશે. આ સૂર્ય ગ્રહણને લીધે એન્ટાર્કટીકા તથા ગ્રીનલેન્ડના લીધે યુદ્ધની સંભાવના બનતી જોવા મળશે. કુંભ રાશી એ વાયુ તત્ત્વ રાશી, જ્યારે વસ્તુ એ પર્યાવરણનું રક્ષણ કરતું નક્ષત્ર આથી સોલાર વિન્ડને કારણે સેટેલાઈટમાં પ્રોબ્લેમ થતું જોવા મળશે. જેથી એરલાઈન્સના સિગ્નલમાં પ્રોબ્લેમ થતાં હવાઈ સેવા ઠપ્પ થતી જોવા મળશે. આ ઉપરાંત ઈન્ટરનેટ સેવા બંધ થતી જોવા મળશે. અમુક જ્યાર ઉપર બ્લેક આઉટ થતાં જોવા મળશે. સૂર્ય ગ્રહણના દિવસે ઈલેક્ટ્રિક ગ્રીડથી બ્લેક આઉટ થતું જોવા મળશે.

સ્ટોક માર્કેટમાં ડાઉન થતું જોવા મળશે. મેટલ માટે સૂર્યગ્રહણ એ મંગલના નક્ષત્રના થતું હોવાથી કોપર, ચાંદી, સોનામાં ભારે કિંમત વધારો થતો જોવા મળશે. જુલાઈ સુધીમાં કેનેડામાં સોનુ ઈ૧૦,૦૦૦ પ્રતિ ઔંસ જ્યારે ભારતમાં ૬ લાખ રૂપિયા ૩૦ ગ્રામે થઈ જશે.

જ્યારથી સૂર્ય મંગળ, બુધ, શુક્ર એટલે કે ૧૪ ડિસેમ્બરથી ધનુ, મકર, હવે કુંભ રાશી ત્યારબાદ મીન રાશીમાં આ ચાર ગ્રહોનું ચતુર્થગ્રહીય વિશ્વમાં ભારે ચહલ-પહલ થઈ રહી છે. જેમાં તમે જોયું કે એસ્પીન ફાઈલ બહાર પડી. હજુ એવા ઘણાં કૌભાંડ બહાર પડશે. રાજનીતિમાં પણ ભારે સંકટભર્યા દિવસ બનશે. મોદી સરકાર માટે ઘણું સાચવવું પડશે. ટ્રંપ ઉપર પોતાના સાંસદ ભારી પડશે. આ ઉપરાંત ખોટા દસ્તાવેજ બહાર પડવાથી ઘણી હલચલ થતી જોવા મળશે અથવા સીક્રેટ દસ્તાવેજ લીક થતા જોવા મળશે. હવે પછી ઘણા દેશોમાં રાષ્ટ્રપતિ તથા ઉચ્ચપદ અધિકારી પોતાનું પદ ગુમાવતા જોવા મળશે. આ ઉપરાંત ભારતમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે સંઘર્ષભર્યુ વાતાવરણ થતું જોવા મળશે. શંકરાચાર્ય-બાળશોષણની વાત બહાર આવી એવી ઘણી ઘટના બહાર પડશે.

આ ગ્રહણનો પ્રભાવ પૂરા યુરોપ ઉપર પણ ભારી પડશે. યુરોપમાં કુદરતી આપત્તિ ઉપરાંત તથા આતંકવાદી ઘટનાથી યુરોપમાં ધ્વજ નીચો કરવો પડે તેવા ન્યુઝ જોવા મળશે. ભારતમાં પણ ભીડવાળી જગ્યા ઉપર આતંકવાદની ઘટના થતી જોવા મળી રહી છે. ખાસ કરીને ફ્રાન્સ, પેરિસમાં ભારે ધમાલ થવાની સંભાવના બને છે. આ ઉપરાંત અમેરિકામાં લોકો રોડ ઉપર આવશે આ ગ્રહણ પછી આ લોકોને સંભાળવવા માટે આર્મી લાવવી પડશે.

આ ગ્રહણ પછી ૨૩ ફેબ્રુઆરીએ મંગળ કુંભ રાશીમાં આવશે. ૧૭ ફેબ્રુઆરીના દિવસનું ગ્રહણ મંગળનું રાહુ સાથે યુતિ આ સમય ઘણો સંવેદનશીલ બની રહેશે. એક બાજુ આ સમય દરમ્યાન શની-નેપ્ચ્યુનની યુતિ બંને એક જ ડિગ્રી ઉપર આથી પાણી ઉપર ભયંકર યુદ્ધ થતું જોવા મળશે. મારો આ લેખ તમારા હાથમાં આવે તે પહેલા તમે કોઈ યુદ્ધની પાણી થતી જોવા મળશે તેમાં નવાઈ નથી. જેવી રીતે રશિયા-યુક્રેનના યુદ્ધની શરૂઆત થઈ તેવી સ્થિતી આ ગ્રહો બતાવે છે. કારણ કે મંગળ પોતાની ઉચ્ચ રાશી મકર ગુમાવતા રાહુ સાથે આવવાથી પોતાની આક્રમતા શરૂ કરશે.

૨૦૨૬ના વર્ષની શરૂઆત કન્યા લગ્નથી થઈ હતી. બુધનું વર્ષ જ્યારે પાછલું વર્ષ મંગળનું હતું જ્યારે જ્યારે બુધ-મંગળ મિશ્રણ થાય, ત્યારે વિસ્ફોટક બનાવે છે. આથી ૨૦૨૬માં વિસ્ફોટક ઘટના થતી બની છે. ફેબ્રુઆરીમાં મીડલઈસ્ટમાં યુદ્ધનું માહોલ બનતું જોવા મળે છે. ૨૭ ફેબ્રુઆરી પહેલા વિમાન દુર્ઘટના થતી જોવા મળશે અથવા પાણી ઉપર જહાજ દુર્ઘટના થતી મળી રહી છે. આથી ટ્રાવેલથી બચવું, ટ્રાવેલ્સ કરવું નહીં. આવી રીતે જુન-જુલાઈમાં આવો યોગ બનતો હોવાથી પ્લેન ક્રેશની ઘટના બનતી જોવા મળશે. હાલ ભારતમાં ઘણી ફ્લાઈટ ૨૮ ફેબ્રુઆરી સુધી કેન્સલ કરી નાખી છે. તેનું કારણ બતાવે છે કે ટેકનિકલ ખામી, પરંતુ આ વસ્તુ નથી તેમણે પણ ભય છે કે ફરીથી આવી ઘટના બનશે તો કંપની ઈમેજ ડાઉન થશે. આ ઉપરાંત યુરોપમાં ગૃહયુદ્ધની સ્થિતી ઉત્પન્ન થશે. ૨૦૨૬ યુરોપ માટે કોઈ સારો સંકેત નથી. શની-મીન રાશીમાં હોવાથી મીન રાશી પશ્ચિમ દેશ બતાવે છે. આજથી ૯૦ દિવસમાં ભારતમાં બે-ત્રણ આતંકીઘટના બનશે અથવા આતંકવાદીના ગુપ્ત સ્થળ શોધી કાઢશે. જ્યારે સૂર્ય-મંગળ એક જ ડિગ્રી ઉપર આવશે ત્યારે ભારત તથા વિશ્વમાં આતંક ઘટના બનશે.

માર્ચ, એપ્રિલ, મે સમય દરમ્યાન અથવા તે પહેલા બેંકમાંથી રૂપિયા અથવા ડોલર લઈને સોના-ચાંદીમાં રોકાણથી ફાયદો થશે. કજાકિસ્તાન, તૂર્કી, ઈરાન, પાકિસ્તાન, ઈરાક, અરબેનિયા, સીરીયા જેવા દેશોમાં કરન્સી તૂટશે. (માર્ચ, એપ્રિલમાં યોગ બને છે.) ૨૦ માર્ચ પહેલા તમે મેટલ સ્ટૉક લઈ લેશો. ૨૦ માર્ચ પછી તેમાં તેજી જોવા મળશે. સ્ટૉક માર્કેટમાં ૨૦ એપ્રિલ પહેલા તમારા રોકાણને કેશ કરી લેશો. ગોધરા કાંડ જેવી ફરીથી ઘટના થતી જોવા મળશે. ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ શની-રાહુ ચોથે જ્યારે સૂર્ય કુંભ રાશીમાં હતો, આ સમય દરમ્યાન શની-નેપ્ચ્યુન પણ લગભગ એકબીજાની ડિગ્રી વાઈસ નજીક હતા. કેતુ-દસમે વૃશ્ચિક રાશીમાં ત્યારે પણ ગુરુ મિથુનનો વક્રી હતો. મિથુન વક્રી ગુરુ ધર્મ ઉપર કંઈ ભારત તથા વિશ્વમાં આવનાર ૧૦ દિવસ ભારે રહેશે.

આથી મારી નમ્ર વિનંતી આવનાર ૯૦ દિવસ શાંતિપૂર્વક પસાર કરશો. **Yoggi Astrology**ની મુલાકાત લઈ તમારી જીવનની સમસ્યા માટે જરૂરથી મુલાકાત લેશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ તથા **www.yogiastrology.ca** ઉપર જશો.

**Yogesh Gandhi**
**(M.Sc., B.Ed.)**
**Yoggi Astrology**
**77 Mission Ridge TR,**
**Brampton, Canada**
**+1-647-286-3734**




# સુરતમાં લગ્નપ્રસંગમાં જ બદલો લેવા જાહેરમાં ફાયરિંગ, એક ઘાયલ

સુરત,

સુરતના લિંબાયત વિસ્તારમાં ગુરુવારે રાત્રે એક પરિવારમાં હલ્દીનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો, ત્યારે જૂની અદાવતમાં લોહિયાળ ખેલ ખેલાયો હતો. યોગેશ મારવાડીના દીકરાના લગ્ન પ્રસંગમાં આવેલા અજય ઉર્ફે પિન્ટુ ગિરાસે પર હુમલાખોર જયેશ પાટીલ અને સુરજ ભવાનીએ જાહેરમાં ફાયરિંગ કર્યુ હતું. આ હુમલા પાછળનું મુખ્ય કારણ જયેશ પાટીલના ભાઈની થયેલી હત્યાની અદાવત સામે આવી છે. જયેશનો આરોપ છે કે યોગેશ મારવાડીના માણસોએ તેના ભાઈની હત્યા કરી હતી, જેનું વેર વાળવા તે હથિયાર સાથે સીધો લગ્ન મંડપમાં પહોંચી ગયો હતો.પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પ્રાથમિક વિગતો મુજબ, હુમલાખોર જયેશ પાટીલનો આરોપ છે કે યોગેશ મારવાડીના માણસોએ તેના ભાઈની હત્યા કરી હતી. આ જ હત્યાની અદાવત રાખી તે તેના મિત્ર સુરજ ભવાની સાથે બંદૂક લઈને લગ્ન મંડપ પર પહોંચ્યો હતો. તેઓ યોગેશ મારવાડીના દીકરા રાહુલના લગ્ન પ્રસંગમાં વિઘ્ન નાખવા અને વેર વાળવા માટે આવ્યા હતા. ભોગ બનનાર અજય ઉર્ફે પિન્ટુ ગિરાસે જ્યારે તેના મિત્ર કલ્પેશ સાથે મોપેડ પર સવાર થઈને યોગેશ મારવાડીને મળવા મંડપના ગેટ પાસે પહોંચ્યો, ત્યારે ત્યાં પહેલેથી જ હાજર જયેશ પાટીલ અને સુરજ ઉર્ફે બવન્ડર તેની પાસે આવ્યા હતા. જયેશે "તુમ ઈધર ક્યું આયે?" કહીને પિન્ટુને લાફો માર્યો હતો અને ગાળાગાળી કરી હતી. ઉશ્કેરાયેલા જયેશે કમરમાંથી બંદૂક કાઢી લોડ કરીને પિન્ટુ પર સીધું ફાયરિંગ કર્યુ હતું. આ હુમલામાં પિન્ટુને જમણા પગના ભાગે ગોળી વાગતા તે લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો. હાલમાં ઈજાગ્રસ્ત પિન્ટુને તાત્કાલિક યુનિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં ડોકટરોએ તેના પગનું ઓપરેશન કરીને ગોળી બહાર કાઢવાની તજવીજ હાથ ધરી છે.ચોંકાવનારી બાબત એ છે કે આ ફાયરિંગની ઘટના શાંતિનગર પોલીસ ચોકીની બિલકુલ નજીક આવેલી ગલીમાં બની હતી. પોલીસની હાજરી હોવા છતાં ગુનેગારોએ જે રીતે બેખોફ બનીને જાહેરમાં ગોળીબાર કર્યો હતો.

# મહેસાણા તાલુકાના પીલુદ્રા ગામે મંદિરમાંથી ૬.૫૦ લાખની મત્તા ચોરાઈ

મહેસાણા, તા.૨૧

મહેસાણા તાલુકાના પીલદ્રા ગામે આવેલા જોગણી માતા, હડકાઈ માતા અને ગોગા મહારાજના મંદિરમાંથી તસ્કરો રૂ. ૬.૫૦ લાખની કિંમતના ચાંદીના છત્ર, ચાંદીના ઘોડિયા અને ચાંદીના નાગની ચોરી કરી ગયા હતા. આ અંગે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે. પીલુદ્રા ગામે દેવીપૂજક વાસમાં આવેલા જોગણી માતા, હડકાઈ માતા અને ગોગા મહારાજના મંદિરે શુક્રવારે સવારે પાંચેક વાગ્યાના સુમારે મુકેશભાઈ માધાભાઈ પૂજા આરતી કરવા ગયા ત્યારે મંદિરનો દરવાજો ખુલ્લો હતો અને નકૂચો તૂટેલો હતો. આથી મહોલ્લાના માણસોને બોલાવી મંદિરમાં તપાસ કરતાં ચાંદીના નાના-મોટા ૩ છત્ર આશરે એક કિલો, ચાંદીના ઘોડિયા નાના-મોટા બે નંગ આશરે ૫૦૦ ગ્રામ, ચાંદીના નાગ મોટા ૩ આશરે વજન ૩ કિલો તથા ચાંદીના નાગ નાના ૧૨ નંગ જેનું વજન આશરે ૨ કિલો મળી કુલ રૂ. ૬.૫૦ લાખના આભૂષણો તસ્કરો ચોરી ગયા હોવાનું જણાયું હતું. આ અંગે મુકેશભાઈ માધાભાઈ દેવીપૂજકે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ધરણીધર તાલુકાના ચુવા ગામે આવેલા સગત માતાજી મંદિરમાં ગુરુવારની રાત્રિ દરમિયાન ચોરી થઈ હતી. જેમાં ચોર ટોળકી માતાજીના આભૂષણોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

મંદિરના પૂજારી તારાશંકર મહારાજ સવારે પૂજા કરવા ગયા ત્યારે મંદિરના તાળાં તૂટેલા હતા તેમજ અંદરની ચીજવસ્તુઓ વેરવિખેર હાલતમાં જોવા મળી હતી. જેથી પૂજારીએ ગામના આગેવાનોને બોલાવી તપાસ કરતા મંદિરમાંથી માતાજીની ચાંદીની સાત મૂર્તિઓ, એક નથણી અને એક છત્ર સહિતના આભૂષણો ચોરાયા હોવાનું સામે આવ્યું હતું. ઘટનાને પગલે ગ્રામજનોએ વાવ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. માહિતી મળતાં જ વાવ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ચોરી અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રમ કાયદાઓમાં સુધારા છતાં લઘુતમ વેતન ચૂકવાતું નહીં હોવાની ફરિયાદો

ગાંધીનગર, તા.૨૧

રાજ્ય સરકાર શ્રમ કાયદાઓમાં સુધારા કરે છે અને કામના કલાકો વધારવા સહિતના કાયદા પસાર કરી રહી છે પરંતુ કામદારો-શ્રમિકોને લઘુતમ વેતન મળતું નહીં હોવાના સેંકડો કિસ્સા છતાં ગણતરીની ફરિયાદો જ તંત્ર સુધી પહોંચે છે. વિધાનસભામાં અમદાવાદમાં છેલ્લા બે વર્ષમાં ૫૪ ફરિયાદો મળી હોવાની માહિતી અપાઈ છે. વિધાનસભા ગૃહમાં તારાંકિત પ્રશ્નોતરીમાં કોંગ્રેસના અમૃતજી ઠાકોરે ફેક્ટરીઓમાં લઘુતમ વેતન મુજબ કામદારોને મહેનતાણું નહીં ચૂકવાતા હોવાના મુદ્દે સવાલ પૂછ્યો હતો. તેના લેખિત જવાબમાં શ્રમ અને રોજગાર વિભાગે જણાવ્યું હતું કે ૨૦૨૪માં અમદાવાદમાં ૨૨ ફરિયાદ અને ૨૦૨૫માં ૩૨ ફરિયાદો ફેક્ટરી વિરુદ્ધ મળી હતી. તે પછી તંત્ર દ્વારા ફેક્ટરીમાં નિરીક્ષણ કરાયું હતું. ૨૦૨૪માં એક ફેક્ટરીમાં ૪ શ્રમયોગીઓને પગાર તફાવતની ૨૭ હજાર રૂપિયાની રકમ ચૂકવવા આદેશ અપાતા તે અપાઈ હતી. ૧૦ ફરિયાદમાં ફેક્ટરીમાં નિરીક્ષણ દરમિયાન તેમની સામેની તપાસ નોંધની પૂર્તતા ન કરાતા ફેક્ટરીઓ વિરુદ્ધ લઘુતમ વેતન અધિનિયમ મુજબ લેબર કોર્ટમાં કુલ ૧૦ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. બે ફેક્ટરી દ્વારા શ્રમયોગીઓ સાથે સમાધાન કરીને લઘુતમ વેતન મુજબ પગાર તફાવતનું ૭૮ હજાર રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું હતું.

એલસીબીની ટીમે ગણતરીના કલાકોમાં ઓપરેશન પાર પાડયું

# રાજકોટના યુવકનું ચપ્પાની અણીએ રિક્ષામાં અપહરણ કરી લૂંટ ચલાવનારા ત્રણ ઝડપાયા

અમદાવાદ,

રાજકોટનો એક યુવક રાત્રિના સમયે ગીતામંદિર બસ સ્ટેન્ડ નજીક રોકાવા માટે હોટલ શોધી રહ્યો હતો ત્યારે એક શખ્સ તેની પાસે આવી રૂપિયા ૧૦ માગી ચપ્પુ બતાવી ધમકી આપી હતી. ત્યારબાદ રિક્ષામાં આવેલા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સાથે મળી કુલ ચારેયે યુવકનું અપહરણ કરી તેની પાસેનો મોબાઈલ, અમેરિકન ડોલર સહિત કુલ રૂપિયા ૪૦ હજારની મતા લૂંટી લીધી હતી. બાદમાં કાંકરિયા તરફ લઈ જઈ અંધારામાં ઉતારી ફરાર થઈ ગયા હતા. આ મામલે યુવકે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઝોન-૬ એલસીબીની ટીમે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.રાજકોટમાં રહેતા સિફતેનરઝા શોહરવદી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત ૯ ફેબ્રુઆરીએ તે કંપનીના કામે સિદ્ધપુર ગયા હતા. કામ પૂર્ણ કરીને તેઓ સિદ્ધપુરથી એસટી બસ મારફતે ગીતામંદિર પહોંચ્યા હતા. રાત્રિના સમયે રાજકોટ જવા બસ ન મળતા તેઓ ગીતામંદિર બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીક આવેલી હોટલમાં રોકાવા ગયા હતા, પરંતુ રૂમ યોગ્ય ન હોવાથી તેઓ પગપાળા ગીતામંદિર બસ સ્ટેન્ડ ચાર રસ્તા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં એક શખ્સ તેમની પાસે આવી રૂપિયા ૧૦ માગી ચપ્પુ બતાવી ધમકી આપી, જેના કારણે યુવક ગભરાઈ ગયો હતો. એટલામાં એક રિક્ષામાં ત્રણ અજાણ્યા શખ્સો ત્યાં આવ્યા હતા. બાદમાં ચારેય શખ્સોએ યુવકનું અપહરણ કરી રિક્ષામાં બેસાડી કાંકરિયા તરફ લઈ ગયા હતા.

ત્યાં તેમની પાસેનો મોબાઈલ, રોકડા રૂ. ૧૫ હજાર, ૪૦ અમેરિકન ડોલર તેમજ અન્ય સામાન મળી કુલ રૂપિયા ૪૦ હજારની મત્તા લૂંટી લીધી હતી. ત્યારબાદ યુવકને કાંકરિયા તળાવ નજીક અંધારામાં ઉતારી ફરાર થઈ ગયા હતા.આ અંગે યુવકે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઝોન-૬ એલસીબીની ટીમે રિક્ષાના નંબરના આધારે ૨૪ કલાકની અંદર જ આનંદ વાઘેલા, વિપુલ મકવાણા અને સમીર મકવાણાને કાંકરિયા વિસ્તાર પાસેથી ઝડપી પાડી મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે એક આરોપી હજુ ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરાઈ છે.




મનમાં ઉદ્ભવતા વિચારને કર્મ સ્વરૂપમાં રૂપાંતર કરવા માટે બુદ્ધિ નિર્ણય લે અને કાર્ય કર્મમાં આવતા એ સંસ્કાર બને. અને, એ સંસ્કાર માણસની એક ઓળખ બને છે. મન એક વિશાળ દરિયો છે. મનુષ્યની ઈન્દ્રિયોમાં એટલી તાકાત નથી કે મનને જાણી શકે. મન ઈન્દ્રિયોથી પર છે. ઈન્દ્રિયો ઉપર મનની સત્તા છે. એટલે ઈન્દ્રિયો મનની ગુલામ છે. મન જ વ્યક્તિનાં બંધનનું કારણ છે. મન દ્વારા સારાં ખોટાં કામ થતાં હોય છે. કહેવત છે 'મન હોય તો માળવે જવાય' માણસનું કેરેક્ટર એનાં મનમાં ઉદ્ભવતા વિચાર દ્વારા નક્કી થતું હોય છે અને બાહ્ય સ્વરૂપે એનાં વર્તનમાં દેખાઈ આવે છે. જેને કહેવામાં આવે છે 'ગુડ કેરેક્ટર અથવા બેડ કેરેક્ટર.' મન એક પ્રકારનો સ્ટોકિસ્ટ છે. મનનું કામ છે ફક્ત વિચારવું અને બુદ્ધિનું કામ છે એપ્લાય કરવું. મન નિંદ્રા અવસ્થામાં પણ સ્થિર થવાનું નામ લેતું નથી. મનનાં સપનાં પણ ખૂબ સોહામણા હોય છે. અચેતન મનમાં પૂર્વજન્મની છાપ પડેલી હોવાથી પ્રારબ્ધ કર્મ અનુસાર આ જન્મમાં ચિત્તમાં ઉપસી આવતાં તે કાર્યરત બને છે.

મન ખૂબ જ પ્રપંચી હોય છે. મનની સંવેદનાઓ અનેક પ્રકારની હોય છે. મનનું ફલક વિશાળ હોવાથી ત્યાં સંવેદના, લાગણીઓ, સુખ-દુઃખ, ધ્યાન એકાગ્રતા, બુદ્ધિ વગેરેનો સમાવેશ થાય છે. દેહ અને મન અલગ છે. મન અને મગજ અલગ છે. મગજ પોતાનું અલગ અસ્તિત્વ ધરાવે છે. આત્મા સાથે મનને કોઈ લેવાદેવા નથી, પણ આત્મજ્ઞાન મેળવવાં કાજે મન સહાયક ભૂમિકાનું કામ કરે છે. મનનાં તરંગોને ઓળખવા બુદ્ધિમાં જ્ઞાનનું પ્રબળ હોવું ખૂબ જ જરૂરી છે કારણ કે બુદ્ધિ નિર્ણાયક સત્તાધારી છે. આત્માને શરીર પ્રાપ્ત થતાં પુખ્તવયે મન એનાં કામે લાગી જાય છે. મનમાં ઉદ્ભવેલા પ્રશ્ન મગજ તરફ મોકલી આપે છે અને બુદ્ધિ નિર્ણાયક સત્તાધારી હોવાથી જજમેન્ટ લઈ આગળ વધે છે.

જો બુદ્ધિમાં અશુદ્ધિ હોય તો જજમેન્ટ દુઃખદ આવે છે અને બુદ્ધિ શુદ્ધ હોય તો જજમેન્ટ સુખદ્ આવે છે. આધ્યાત્મિક અનુભવ કહે છે કે જ્યારે મન બુદ્ધિ, અહંકારથી શાંત પડી જાય છે તો આત્મા મોહ, માયા કામ, ક્રોધ, અહંકાર, આકર્ષણથી મુક્ત થતાં આત્મજ્ઞાની બને છે અને આત્મજ્ઞાની બનતા આત્મા શાંત સ્વરૂપ બની પવિત્ર બને છે. પવિત્ર બનતાં આત્મા યોગી બની યોગેશ્વર બને છે. આ સહજ અવસ્થાને પ્રાપ્ત કરતાં મન શાંત બને છે.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'
(અમદાવાદ)
આધ્યાત્મિક લેખક

**Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval**

22-02-2026_08 Jan Fariyad_P-2